આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-16-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# વિકાસ સપ્તાહ ટેક્ષટાઈલ પો.

ચૂંટણીપંચે **વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી 2024 જાહેર કરી છે.**

**ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આયોજિત ઉદ્યોગ સાહસિકતા દિવસ અવસરે ટેક્સટાઇલ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યાર સુધીની ટેકસટાઇલ પોલિસીને કારણે પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. ગુજરાતમાં 40 ટકા ટેક્સટાઇલનું ઉત્પાદન માનવ ઉત્પાદિત કાપડમાંથી થાય છે. ટેકનિકલ ટેક્સટાઇલનાં ઉત્પાદનમાં ગુજરાત 25 ટકા ફાળો આપે છે.**

**RNU અમદાવાદ**

---

RNU BHUJ

## હેરીટેજ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સની સ્થાપનાથી સંસ્કૃતિ અને પ્રવાસનની ક્ષેત્રમાં નવી તકો ઊભી કરવામાં આવશે.

સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય મંત્રી મંડળે લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સ વિકસાવવાનો રસપ્રદ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે, ભારત સંસ્કૃતિ અને પર્યટન ક્ષેત્રમાં વધુ ભાગીદારોને આમંત્રિત કર્યા છે. શ્રી મોદીએ પ્રવાસન ક્ષેત્રનાં વ્યાવસાયિકોને પ્રવાસન ક્ષેત્રમાં નવી તકો ચકાસવા અને તેમનાં વિચારો રજૂ કરવા અનુરોધ કર્યો હતો.

**RNU** અમદાવાદ

---

## વિધાનસભા પેટ ચૂંટણી

કેન્દ્રીય ચૂંટણીપંચે વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની તારીખો જાહેર કરી છે. જે અનુસાર 13મી નવેમ્બરના બેઠક માટે મતદાન થશે અને 23મી નવેમ્બરના પરિણામો જાહેર થશે. 18મી ઓક્ટોબરના રોજ ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થશે, જ્યારે 25 ઑક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

લોકસભા ચૂંટણીમાં ગેનીબહેન ઠાકોર ચૂંટાઈ આવતા તેમણે વાવ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપતા આ બેઠક ખાલી પડી હતી.

**RNU** અમદાવાદ

---

# માધ્યમિક પરીક્ષા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું ટાઇમ ટેબલ જાહેર કર્યું છે. ધોરણ **10**ની અને **12**ની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પણ **27**મી ફેબ્રુઆરીથી **10**મી માર્ચ સુધી યોજાશે. જ્યારે ધોરણ **12**ની સામાન્ય પ્રવાહ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની **13**મી માર્ચ સુધી યોજાશે. ધોરણ **10**ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો સમય **10**થી **1.15** સુધીનો રહેશે, જ્યારે ધોરણ **12**નો સમય **3**થી **6.15** સુધીનો રહેશે. ધોરણ **10**ના વોકેશનલ કોર્સ સિવાયના તમામ વિષયોના પ્રશ્નોપત્રો **80** ગુણના રહેશે. દરેક પ્રશ્ન પત્રમાં **15** મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટેની શરૂઆતની પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે **10** મિનિટ ફાળવવામાં આવશે.

સાથે જ ધોરણ **12** વિજ્ઞાન પ્રવાહ પછી ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી **/** ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા **23**મી માર્ચના રવિવારના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજવામાં આવશે. જેનો સવારે **10** વાગ્યાથી બપોરના **4** વાગ્યા દરમિયાન જિલ્લા કક્ષાનાં કેન્દ્રો ખાતે યોજાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

RNU BHUJ

## સ્મૃતિવન પદયાત્રા વિ.સ.

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિલ્લા સ્તરે વિવિધ કાર્યક્રમો યોજાયા છે. ત્યારે ભુજમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાગડ બે ચોવીસી જૈન સમાજવાડીથી સ્મૃતિવન સુધી પદયાત્રા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ, શહેરીજનો તથા તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયાં હતાં. સ્મૃતિવન ખાતે આયોજીત આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે રૂપિયા ૧૬.૭૪ કરોડના ૩૩૪ કામોનું ઇ-ખાતમુહૂર્ત તથા રૂપિયા ૪૧.૯૭ કરોડના ૧૨૨ કામોનું ઇ-લોકાર્પણ કરાયું હતું. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

મા.ખા

---

## આઈસીડીએસ

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આઈસીડીએસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ભુજ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ભુજ ખાતે કિશોરી જાગૃતિ અભિયાન યોજાયું હતું. જેમાં 75 કિશોરીઓને સરકારી વિવિધ યોજનાઓ તેમજ આહાર, પોષણ, પૂર્ણા શક્તિ અંગે માહિતી આપવામાં આવી હતી.

મા.ખા.

---

## વરસાદ

જિલ્લામાં વરસાદનો દોર યથાવત રહ્યો હતો. ગઈકાલે રાપરમાં અડધા કલાકમાં એક ઇંચ, ભુજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો, નખત્રાણા અને લખપત તાલુકામાં ભારે ઝાપટા વરસ્યા હતા. તો માંડવી પંથકમાં પણ વરસાદની હાજરી રહી હતી. આજે પણ કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ પડવાની સંભાવના દર્શાવાઇ છે. વરસાદના કારણે ઉભા અને તૈયાર પાકોમાં ભારે નુકસાની થયુ હોવાનું ખેડૂતો કહી રહ્યા છે.

**N.P**

---